સંદેશ, પાના નં-03, તા. ૧૪.૦૯.૨૦૨૩

# મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨: ગાંધીનગરના ચ-૦ સર્કલ ખાતે ૪૭ મીટર લંબાઈનો ગર્ડર પ્રસ્થાપિત કરાયો



અમદાવાદ : અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨ મોટેરાથી મહાત્મા મંદિર અને જી.એન.એલ.યુ.થી ગિફ્ટ સિટી વર્ષ ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાના પ્રયાસમાં GMRCએ ગાંધીનગરના ચ-૦ સર્કલ ખાતે કમ્પોઝીટ ગર્ડર ઇરેક્ટ કરવાની કામગીરી કરાઈ હતી. ૫૦૦ એમટી વજન સુરક્ષિત ઉપાડી શકે તેવી બે ક્રેનની મદદથી ૪૭ મીટર લંબાઈનો અને ૩૦૦ એમટી વજનનુ કમ્પોઝીટ ગર્ડર્સને લગાડવાની કામગીરી કરવામાં આવી હતી. કમ્પોઝીટ ગર્ડર ઇરેક્શન પૂર્ણ કરવા માટે ૩૬ કલાકનો સમય હતો પરંતુ આ ઓપરેશન તેના નિર્ધારીત સમય કરતાં ૧૨ કલાક વહેલું પૂર્ણ કરી દેવાયું હતું. આ કામગીરી અત્યંત સલામતી અને ટ્રાફિક વ્યવસ્થાપન સાથે હાઈવે પર કામગીરી કરાઈ હતી.

